Publication - Rakhewal
Edition - Ahmedabad
Date - 07.10.2011
Page - 04
Circulation - 70,000

Readership figures: 210,000

# આઈશર દ્વારા અદ્યત્તન સીટી બસ રજૂ કરવામાં આવી



ગાંધીનગર

વીઈસીવીના બિઝનેસ ક્ષેત્ર આઈશર ટ્રક્સ એન્ડ બસીઝ દ્વારા ગુજરાત રાજ્ય રોડ ટ્રાન્સપોર્ટને ૧૦ રિઅર એન્જિન સેમી લો ફલોર (આરઈએસએલએફ)નો પ્રથમ જથ્થો સુપરત કરવામાં આવ્યો છે. આઈશર ટ્રક્સ એન્ડ બસીઝના સેલ્સ એન્ડ માર્કેટીંગના સીનીયર વાઈસ પ્રેસીડન્ટશ્રી જી. સેકરે આ વાહનોની ચાવીઓ ગુજરાત સરકારના નાણાં અને પરિવહન મંત્રીમાનનીય શ્રી વજુભાઈ વાળાને ગાંધીનગર ખાતે જીએસઆરટીસીમાં આયોજીત એકભવ્ય સમારંભમાં સુપરત કરી હતી'આ આધુનિક સીટી બસોમાં પાછળની બાજુએ એન્જિન છે અને તેનું ફલોર નીચુંરાખવામાં આવ્યું છે, જેથી પ્રવાસીઓને બસમાં ચડ ઉતર કરવામાં અને પ્રવાસમાંઆસાની રહે છે. તેમાં એક કે બે પગથિયાં જ હોવાથી લોકો આસાનીથી બસમાંચડઉતર કરી શકે છે. તેનાથી બસને થોભવાનો સમય પણ ઘટે છે.વર્ષ ૨૦૧૦માં આયોજિત ઓટો એક્સ્પોમાં આઈશરે તેની રિઅર એન્જિન સેમી લોફલોર સીટી બસનું મોડેલ પ્રથમ વખત રજૂ કર્યું હતું. આ બસ ભારત સરકારના શહેરીવિકાસ મંત્રાલયની જેએનએનયુઆરએમ યોજનાની માર્ગદર્શિકા અનુસાર તૈયારકરવામાં આવી છે. આઈશર દ્વારા સીટી બસ સીગમેન્ટમાં જીએસઆરટીસી દ્વારા ૨૦ બસોનો ઓર્ડર પ્રાપ્ત કરવામાં આવ્યો છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે,'આ કાર્યક્રમ દ્વારા આઈશરની મધ્યમ અને ભારેકામગીરી માટેની બસોમાં સફળતા દર્શાવવાનો હેતુ છે. આ વર્ષની શરૂઆતમાંઆઈશરે તેની ફ્રન્ટ એન્જિન હેવી ડ્યુટી બસીસના સુધારેલા મોડેલ રજૂ કર્યા હતા.આઈશર દ્વારા તેનુ નવું મોડેલ આઈશર ૧૧.૧૨ રજૂ કરવામાં આવ્યું છે જે ૧૨ ટનજીવીડબલ્યુ-૪૬૫૦ એમએમ વ્હીલબેઝ પ્લેટફોર્મ ધરાવે છે. બસ ઉદ્યોગે વર્ષ૨૦૧૧માં પ્રથમ ૯ મહિનામાં ૮ ટકા જેટલો ઘટાડો અનુભવ્યો હોવા છતાં આઈશરબસોના માર્કેટ શેર આ જ ગાળામાં ૩૨ ટકા રહ્યો છે.